સહભાગી સિંચાઈ વ્યવસ્થાનાં અમલીકરણ દરમ્યાન વારાબંધી સીસ્ટમથી ડીઝાઈન કરેલ નહેરોમાં વધારાના દરવાજા મુકી સિંચાઈના પાણીનું વિતરણ કરવા બાબત.

PB-1

INWARD No. 295
DATE 22-4-05
O. S. ........
P. S. ........
E. E. ........
S. E. ........

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંક:- પીઆઈએમ/૧૦૮૭/૧૨૦૨/(૧૦૮)/પા.ફા. ૩/કા
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:- ૨૩/૩/૨૦૦૫

**: આમુખ :**

રાજય સરકારે અનુભવેલ છે કે જાહેર સિંચાઈના સંશાધનોથી મહત્તમ સિંચાઈ શકિત ઉભી કરવા અને પરિણામે રાજયની ખેત પેદાશમાં અને તેની ગુણવત્તામાં વધારો થાય એ માટે સહભાગી સિંચાઈ વ્યવસ્થા (PIM)નું અમલીકરણ અનિવાર્ય છે જે ભારત સરકારે પણ સ્વીકારેલ નીતિને અનુરૂપ છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થાના અમલીકરણ અંતર્ગત ખેડુતોને સિંચાઈના અમલીકરણ અને વહીવટમાં જવાબદારી લેતા કરવા કાર્યરત લાભિત ખેડુતોના સંગઠનોને, અગાઉ નહેરોના આયોજન/આલેખનમાં આર.ડબલ્યુ.એસ. મોડેલનો ઉપયોગ કરવામાં આવેલ હોય તેવી રાજય સરકારના નર્મદા, જળ સંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની કેટલીક મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓના પિયત વિસ્તારોમાં સહભાગી સિંચાઈ વ્યવસ્થાના અમલીકરણ દરમ્યાન આર.ડબલ્યુ.એસ. મોડેલમાં પડતી કેટલીક મુશ્કેલીઓ ધ્યાન પર આવેલ છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થા અંતર્ગત મહત્તમ સિંચાઈ ક્ષમતા મેળવવા અને પાણીનો બગાડ અટકાવવા આર.ડબલ્યુ.એસ. મોડેલ વાળી નહેર વ્યવસ્થામાં વધારાના દરવાજા મુકવાની માંગણીઓ લાભિત ખેડુતોના સંગઠનો દ્વારા કરવામાં આવેલ છે અને વધારાના દરવાજા મુકવાની સ્પષ્ટતા અધિક્ષક ઈજનેરશ્રી કક્ષાએથી પણ આપવાના કિસ્સાઓ ધ્યાને આવેલ છે.

ઉપરોકત હકીકતને અનુલક્ષીને સરકારમાં થયેલ કાર્યવાહી અન્વયે હાલની યોજનાઓ અને નવી યોજનાઓમાં નહેરો વારાબંધી સીસ્ટમથી ડીઝાઈન કરવી કે દરવાજા વાળી ડીમાન્ડ આધારીત ડીઝાઈન કરવા બાબતે માનનીય મંત્રીશ્રી (સિંચાઈ)ના અધ્યક્ષ સ્થાને તારીખ: ૪/૪/૨૦૦૨ના રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ચર્ચાના અંતે નકકી કરવામાં આવેલ છે કે "હાલની યોજનાઓમાં R.W.S. સ્ટ્રકચરોમાં ગેઈટ મુકવાની છુટ આપવી. આ કાર્યવાહી માટે દરેક સેકશન અધિકારી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના સ્તરે ખેડુતોની ગ્રામસભા બોલાવી ગેઈટ મુકવા બાબતે ખેડુતોનું મંતવ્ય જાણી તે પ્રમાણે કાર્યવાહી કરવી." સદરહુ બાબતે નર્મદા, જળ સંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગે તેમના તાબાની દરેક વર્તુળ કચેરી પાસેથી તે મુજબ કાર્યવાહી

કરી મંતવ્યોસહ અહેવાલ મેળવેલ છે. આ અહેવાલોમાં પણ વર્તુળ કચેરીઓએ આર.ડબલ્યુ.એસ. મોડેલ વાળી નહેર વ્યવસ્થામાં વધારાના દરવાજા મુકી સિંચાઈના પાણીનું વિતરણ કરવાના મંતવ્યો આપેલ છે.

**: પરિપત્ર :**

સરકારશ્રી કક્ષાએ કાળજીભરી વિચારણાના અંતે સહભાગી સિંચાઈ વ્યવસ્થાના અમલીકરણ દરમ્યાન આર.ડબલ્યુ.એસ. મોડેલ વાળી નહેર વ્યવસ્થામાં લાભિત ખેડુતોના સંગઠનો દ્વારા વધારાના દરવાજા મુકવાની માંગણીઓ કરવામાં આવે તેવા કિસ્સાઓમાં સબંધિત અધિક્ષક ઈજનેરશ્રી સંલગ્ન લાભિત ખેડુતોના સંગઠનોને સાથે રાખી સ્થળ મુલાકાત કરશે, માંગણી અન્વયે ગેઈટ મુકવા બાબતે ખેડુતોનું મંતવ્યો અંગે અભ્યાસ કરશે, અને ખરેખર આવા દરવાજા મુકવાથી સહભાગી સિંચાઈ વ્યવસ્થાના અમલીકરણમાં પડતી મુશ્કેલી દુર કરી શકાય તેમ હોય તો આવી બેઠકની કાર્યવાહી નોંધ બનાવી તેના પર વિભાગના ક્ષેત્રિય અધિકારીશ્રીઓ અને સબંધિત લાભિત ખેડુતોના સંગઠનો એમ બંન્ને પક્ષકારો વચ્ચે સહમતી સધાયેથી કાયદેસર અધિકૃત કરવામાં આવેલ અધિકારી/સભ્યોએ સહી કરવાની રહેશે. અને ત્યાર બાદ આર.ડબલ્યુ.એસ. મોડેલ વાળી નહેર વ્યવસ્થામાં સહમતી સધાયેલ જગ્યાઓએ વધારાના દરવાજા મુકવાની મંજુરી સબંધિત અધિક્ષક ઈજનેરશ્રી આપશે.

ઉપરોકત સુધારા વધારા આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની સચિવશ્રી (જ.સં.)ની તારીખ: ૨૩/૩/૨૦૦૫થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(ડી.બી. જાદવ)**
ખાસ ફરજ પરના અધિકારી,(જ.સં)
નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી (જળસંપત્તિ અને પાણી પુરવઠા )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી ( નાણાં ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી ( ઉર્જા અને પેટ્રો કેમિકલ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી ( કૃષિ અને સહકાર ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી ( ઉધોગ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

➢ માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લી., ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

➢ માનનીય મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.

➢ સલાહકારશ્રી ( સિંચાઇ અને વિસ્તાર વિકાસ ) આયોજન પંચ, ભારત સરકાર નવી દિલ્હી.

➢ અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

➢ સચિવશ્રી, સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

➢ અધિક મુખ્ય સચિવશ્રી, સહકાર અને પશુપાલન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

➢ અધિક, મુખ્ય સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

➢ અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

➢ સચિવશ્રી ( આયોજન ) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

➢ સચિવશ્રી ( જળસંપતિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

➢ કમિશ્નરશ્રી, વિસ્તાર વિકાસ ( વોટર મેનેજમેન્ટ ) જળસંપતિ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી.

➢ કમિશ્નરશ્રી, સી.એ.ડી. પ્રોગ્રામ, મીનીસ્ટ્રી ઓફ વોટર રીર્સોસીઝ, કૃષિ ભવન, નવી દિલ્હી.

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

૧. સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રીઓ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. વિભાગ હસ્તકના સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ.
આ બાબતની જાણ આપના હસ્તકના તમામ સંબંધિત અધિકારીઓને કરવા વિનંતીસહ.
૩. નિયામકશ્રી અને મુખ્ય ઇજનેરશ્રી, વાલ્મી, વડોદ રોડ, આણંદ.
૪. વહીવટી સંચાલકશ્રી,ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લી., ગાંધીનગર.
૫. નાયબ સચિવશ્રી ( સેવા ), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. સંયુકત સચિવશ્રી ( બજેટ ), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. નાણાંકીય સલાહકારશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. સર્વે કલેકટરશ્રીઓ, ગુજરાત રાજય.
૯. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગુજરાત રાજય.
૧૦. રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, બલોક નં. ૧૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૧. રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ.
૧૨. શ્રી અનિલભાઈ સી. શાહ, અધ્યક્ષશ્રી, ડેવલોપેમન્ટ સપોર્ટ સેન્ટર, સરકારી ટયુબવેલ સામે, બોપલ, અમદાવાદ- ૩૮૦૦૫૮
૧૩. મુખ્ય વહીવટકર્તા, શ્રી આગાખાન ગ્રામ્ય વિકાસ સર્મથન કાર્યક્રમ ( ભારત ), ચોઈસ પ્રિમાઈસીસ, નવરંગપુરા, અમદાવાદ-૯.
૧૪. પ્રોગ્રામ ઓફિસર, ફોર્ડ ફાઉન્ડેશન, ૫૫- લોધી એસ્ટેટ, નવી દિલ્હી- ૧૧૦૦૦૩.
૧૫. સદગુરૂ સેવા ટ્રસ્ટ, પોસ્ટ બોક્ષ નં. ૭૧, આર. ટી. ઓ. નાકા પાસે, દાહોદ, જી. પંચમહાલ.
૧૬. શ્રી વિવેકાનંદ સંશોધન અને તાલીમ સંસ્થા, ( વીઆરટીઆઇ ) મુ. બિન્દ્રા, તા. માંડવી, જી. ભૂજ-૩૭૦૪૬૫.
૧૭. ઈન્ડિયન રૂરલ મેનેજમેન્ટ એસોશીએશન (IRMA), પો.બો. નં. ૬૦, એન ડી.ડી.બી. પાસે, આણંદ-૩૮૮૦૧૫.
૧૮. ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ ( આઈ.આઈ.એમ.), વસ્ત્રાપુર, અમદાવાદ.
૧૯. ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ ડેવલોપમેન્ટ રીસર્ચ (GIDR), ગોતા ચાર રસ્તા પાસે, અમદાવાદ.
૨૦. પ્રમુખશ્રી, જીવનદીપ પિયત સહકારી મંડળી, ઝરણાવાડી, તા. વાલિયા, જી. ભરૂચ, (પિગુટ સિંચાઈ યોજના)
૨૧. પ્રમુખશ્રી, બલદેવા પિયત સહકારી મંડળી, તા. વાલિયા, જી. ભરૂચ.
૨૨. પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર, આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ ( ભારત), નેત્રંગ, તા. વાલિયા, જી. ભરૂચ.
૨૩. પ્રમુખશ્રી, મલ્ટી મીડીયા ઇન્ટ, પ્રા.લિ., ઇન્ટેલીજન્સ ફલોર, મલ્ટી હાઉસ, લા ગજર હાઉસ પાસે, આંબાવાડી, અમદાવાદ-૬.
૨૪. કન્સલ્ટન્ટ, નર્મદા આયોજન જુથ, સરદાર સરોવર નર્મદા નિગમ લી., બ્લોક નં. ૧૨, સચિવાલય, ગાંધીનગર.
૨૫. શ્રી કે. એમ. દવે, પ્લોટ નં. ૩૭૮, સેકટર નં. ૨૩, સ્વામિનારાયણ મંદિર પાસે, ગાંધીનગર.
૨૬. સીલેકટ ફાઇલ.

જા.નં.પોજી-૧/પરિપત્ર/શાખા/જસ.યો/૧૦૭૯ તા. ૨૨.૨.૦૨

નકલ રવાના પ્રતિ કાર્યપાલક ઈજનેરશ્રી, જસં.સં.વિભાગ, અમદાવાદ/વડોદરા/સૂરત/વલસાડ તરફ જાણ તેમજ પરિપત્રનો અમલ કરવા સારૂ.

(signature)

અધિક્ષક ઈજનેર
જસં.સં વર્તુળ નં-૧ અમદાવાદ